
# “જોવા જેવી દુનિયા”નાં દ્વાર ખુલ્યાં જગત સમક્ષ

ગાંધીનગર, તા. ૧૬

જેની ઘણાં વખતથી તડામાર તૈયારીઓ થઈ રહી હતી, દેશ-વિદેશના ૧૩ હજારથી વધુ સેવાર્થીઓ જેની તૈયારીમાં દિવસ-રાત નિઃસ્વાર્થ સેવા આપી રહ્યાં છે, જેનો ઉદ્દેશ લોકોના જીવનમાં સુખ-શાંતિ પ્રદાન કરતી સમજણ પ્રસારવાનો છે, એવા મહોત્સવનો ગઈકાલે સાંજે ૭:૦૦ વાગ્યાથી આત્મજ્ઞાની પુજયશ્રી દીપકભાઈના આશીર્વચનથી શુભારંભ થયો. એક ભવ્યાતિભવ્ય જન્મમહોત્સવ, જેમાં દુનિયાભરમાંથી લગભગ ૩૦,૦૦૦થી વધુ ઉપસ્થિત લોકોની વચ્ચે પરમ પૂજ્ય દાદા ભગવાનની ૧૧૧મી જન્મજયંતીની હર્ષોલ્લાસથી ઉજવણી શરુ થઈ છે ગાંધીનગરના આંગણે અડાલજમાં, નિષ્પક્ષપાતી ત્રિમંદિરના પ્રાંગણમાં ઉભી થયેલી ૧૧ દિવસની “જોવા જેવી દુનિયા’ સાથે! લગભગ ૩ કલાકના શુભારંભ સમારોહમાં પૂજ્ય દીપકભાઈની ઉપસ્થિતિમાં, દેશ-વિદેશના ૧૧૧ બાળકો વડે “મૂળ દીવાથી પ્રગટો દીપકમાળ” ને રૂપક આપતું દીપ પ્રાગટ્ય થયું. ૨૫,૦૦૦ દર્શકોની બેઠક વ્યવસ્થા ધરાવતા વિશાળ મેદાનમાં, ૧૨૦ જે ૮૦ ફૂટ (૯૬૦૦ ચોરસ ફૂટ)ના મોટા સ્ટેજ ઉપર ૩ મોટા લેડ (LED) સ્ક્રીન તેમજ કોલ્ડ પાયરો, હાયડ્રોલિક ક્રેન, ડ્રાય આઈસ જેવી સ્પેશિયલ ઈફેક્ટસના ઉપયોગથી દાદા ભગવાનના જીવનચરિત્રનું હૃદયસ્પર્શી નાટ્યપ્રદર્શન થયું. નાના-મોટા ૨૫૦થી વધુ કલાકારો દ્વારા ભજવાતા, મિહિર ભુતા લેખિત, અદિતી દેસાઈ વડે દિગ્દર્શિત ‘અદભુત ઓળખ જ્ઞાનીની” નાટકમાં, દાદાશ્રીના નાનપણથી લઈને જ્ઞાન-પ્રાગટ્ય સુધીના રસપ્રદ જીવનપ્રસંગોમાં તેમના વિચક્ષણ વ્યક્તિત્વનો પરિચય મળ્યો. ત્યારબાદ પૂજ્ય દીપકભાઈએ સંદેશો આપ્યો અને તેમના વરદહસ્તે “જ્ઞાની પુરુષ– ભાગ ૨” પુસ્તક નું વિમોચન થયું, જે પુસ્તકમાં જ્ઞાની પુરુષ દાદાશ્રીના, પત્ની હીરાબા સાથેના આદર્શ દામ્પત્યજીવનનો તલસ્પર્શી ચિતાર મળે છે.





આ ઉજવણીની હાઈલાઈટ્સ ૧૬ નવેમ્બરની રાત્રે ૧૦ થી ૧૧ દૂરદર્શન-ગુજરાત (ગિરનાર) ઉપર અને ૧૭ નવેમ્બરના રોજ રાત્રે ૭:૩૦થી ૧૦ વાગે અરિહંત ચેનલ ઉપર પ્રસારિત થશે. આ ઉપરાંત, ૧૬ નવેમ્બરથી ૨૬ નવેમ્બર દરમિયાન ટેલીવિઝનમાં અરિહંત, દૂરદર્શન-ગુજરાતી અને આસ્થા ચેનલ ઉપર તેમજ યુ-ટ્યુબમાં “દાદા ભગવાન ફાઉન્ડેશન” ચેનલ ઉપર જન્મજયંતી મહોત્સવના સત્સંગ અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું રોજેરોજ સવાર-સાંજ નિયત સમયે જીવંત પ્રસારણ કરવામાં આવશે. https://www.youtube.com/user/dadabhagwan

“જોવા જેવી દુનિયા”માં દરેક ઉંમરના મુલાકાતીઓને વ્યવહારિક ગૂંચોના ઉકેલથી લઈને તત્વજ્ઞાનના ગૂઢ રહસ્યોની આધ્યાત્મિક, મનોરંજક, તાર્કિક, વાસ્તવિક અને વૈજ્ઞાનિક સમજણ મળી રહેશે. અહીં સવાર-સાંજ પૂજ્યશ્રી દીપકભાઈ સાથે પ્રશ્નોત્તરી સત્સંગ, “થીમ પાર્ક” માં અદ્યતન ટેકનોલોજીના ઉપયોગથી રજૂ થતાં ૧૧ મલ્ટીમીડિયા થીયેટર શો, “ચિલ્ડ્રન પાર્ક” માં ગમ્મત સાથે જ્ઞાન પીરસતા ૧૨ શો, એમ્ફી થીયેટર, લકી ડ્રો જેવા આકર્ષણો ઊભાં કરવામાં આવ્યા છે. જુદી જુદી સત્સંગ પ્રવૃત્તિઓને ધ્યાનમાં રાખીને દરરોજની એક ખાસ થીમ રાખવામાં આવી છે. બાળકોના ખાસ દિવસ “ચ્ક્ષ્ઝ ઙ્ઘ્અ” માં બાળકોને જ્ઞાનીનું સાન્નિધ્ય અને સાચી સમજણ મળશે. પેરન્ટ્સ ડે ના રોજ માતા-પિતાને બાળકોને પ્રેમ-હૂંફ આપવાની સમજણ મળશે. ક્લેશરહિત સંસાર માટે પતિ-પત્નીના દિવ્ય વ્યવહાર અને પૈસાના વ્યવહારની પ્રેક્ટીકલ ચાવીઓ મળશે. ઈન્ટરનેશનલ પરેડમાં વિશ્વભરના જુદા જુદા દેશોની સંસ્કૃતિનો અદ્ભુત સમન્વય જોવા મળશે. આ ઉપરાંત જન્માષ્ટમી, સીમંધર સ્વામીની પ્રાણ-પ્રતિષ્ઠા, લાઈવ ગરબાનું પણ આયોજન થયું છે.

ટૂંકમાં, અનુભવ કરવા જેવી એક અનોખી દુનિયા, જેમાં જીવનમાં સુખ-શાંતિ મેળવવાની સમજણનો અમૂલ્ય ખજાનો મળશે, તેના દ્વાર જગત માટે ખુલ્લા થયા છે! પ્રવેશ, વિનામૂલ્યે.

# ડિવાઈન જુનિયર પ્રિસ્કૂલ દ્વારા ચિલ્ડ્રન્સ ડેની ઉજવણી કરાઈ



સેક્ટર-૬ ખાતે કાર્યરત ડિવાઈન જુનિયર પ્રિસ્કૂલ ખાતે ચિલ્ડ્રન્સ ડેની ઉજવણી ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં કરવામાં આવી હતી. બાળકીઓ બાર્બી પ્રિન્સેસ તથા બાળકો પ્રિન્સના પોષાકમાં સજ્જ થઈને આવ્યાં હતાં. સ્થાપક ગિરા ચૌધરીએ ઉપસ્થિત રહી બાળકોના ઉત્સાહમાં વધારો કર્યો હતો.


## રાષ્ટ્રીય ગ્રંથાલય સપ્તાહની ઉજવણી અંતર્ગત

# રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય દ્વારા મહેંદી હરિફાઈનું આયોજન



રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય, સેક્ટર-૧૭, ગાંધીનગર દ્વારા ચાલી રહેલા રાષ્ટ્રીય ગ્રંથાલય સપ્તાહની ઉજવણી અંતર્ગત શુક્રવારે મહેંદી હરિફાઈનું આયોજન કરવામાં આવ્યું હતું. મહિલા વાચકોએ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી આ ઉપક્રમને સફળતા બક્ષી હતી.

# શું મહિલાઓ આઈ.પી.એસ. અધિકારી બની શકે ?




નમસ્કાર. ‘કરિયર કોર્નર’ કૉલમને ખૂબ સારો પ્રતિસાદ મળી રહ્યો છે. અમે આપના સહકારથી અમને ખૂબ પ્રોત્સાહન મળે છે અને અમે વિદ્યાર્થીઓને સચોટ માર્ગદર્શન આપવા કટિબદ્ધ છીએ. આભાર. હવે આપ અમને ફેસબુક પર લાઈક કરી શકો છો: facebook.com/questions.careercorner પર.

**૧. હું અત્યાર ધોરણ ૧૨ કોમર્સ માં અભ્યાસ કરું છું. આગળ બી.બી.એ. કરવાનો વિચાર છે. બી.બી.એ. માટે શ્રેષ્ઠ કઈ કોલેજ છે?**

**- દેવેન્દ્ર પ્રજાપતિ, કલોલ**

દવેન્દ્ર, આપનો લક્ષ્ય ખૂબ સરસ છે. બી.બી.એ. કર્યા પછી આપ મેનેજમેંટના ક્ષેત્રે આગળ વધી શકો છો. તમને જણાવવા માંગીશું કે બી.બી.એ. માટે ઘણી



બધી કોલેજ છે જેના પર તમે પસંદગી ઉતારી શકો છો. પણ જો આપે કોઈ સારી અને પ્રતિષ્ઠિત કોલેજમાં એડ્મીશન લેવુ હોય તો આપે એના માટે મોટા ભાગે પ્રવેશ પરીક્ષા આપવાની હોય છે.આપને જણાવી દઈએ કે બી.બી.એ / એમ.બી.એ. માટે આઈ. આઈ. એમ. - આઈ. પી. એમ. એટ્લે કે ઈંડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેંટ - ઈન્ટીગ્રેટેડ પ્રોગ્રામ ઈન મેનેજમેન્ટ નામની પરીક્ષામાં ઉત્તિર્ણ થઈ, આપ ભારતની પ્રતિષ્ઠિત એવી આઈ.આઈ.એમ (ઈન્ડિયન ઈંસ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ), ઈંદૌરમાં પ્રવેશ મેળવી શકો છો. આપને જણાવી દઈએ કે ભારતમાં શ્રેષ્ઠ ગણાતી એવી ૨૦ આઈ.આઈ.એમ.માંથી એકમાત્ર આઈ.આઈ.એમ ઈંદોર જ છે જે આપને ધોરણ ૧૨ પછી ડાયરેક્ટ એમ.બી.એ. માટેનો વિકલ્પ ઉપ્લબ્ધ કરાવે છે. અન્ય ઘણી કોલેજ છે જે આપને આઈ.એમ.બી.એ. એટ્લે કે ઈન્ટિગ્રેટેડ માસ્ટર ઈન બિઝ્નેસ એડ્મિનિસ્ટ્રેશનનો કોર્સ કરાવે છે. સામાન્ય રીતે આ કોર્સમાં બી.બી.એ અને એમ.બી.એ કરવા માટેનો પાંચ વર્ષ નો મેનેજમેન્ટ પ્રોગ્રામ છે જેમાં ૩ વર્ષ બી.બી.એ અને બાકીના ૨ વર્ષ એમ.બી.એ નો સમાવેશ થાય છે. આઈ.એમ.બી.એ. માટે આપ પ્રતિષ્ઠિત કોલેજ જેમ કે સિમ્બાયોસિસ, નર્સી મોનજી, સેંટ જ્હેવીઅર્સ, અને એવી અન્ય પ્રતિષ્ઠિત સંસ્થામાં પ્રવેશ મેળવી શકો છો. ઉપર જણાવ્યા મુજબ મોટા ભાગ ની કોલેજ માટે પ્રવેશ પરીક્ષા આપવાની રહે છે. અમુક પ્રવેશ પરીક્ષા આપણે જણાવીશું જેમ કે યૂ. જી. એ. ટી., એસ. ઈ. ટી.-યૂ. જી., એન. પી. એ. ટી., વિગેરે. પ્રવેશ પ્રક્રિયામાં લગભગ લેખિત/ઓનલાઈન પરીક્ષા આપ્યા બાદ આપે જી.ડી એટ્લે કે ગ્રુપ ડિસ્કસન અને ઈન્ટરવ્યુ પાસ કરવાના હોય છે. આ પ્રવેશ પરીક્ષામાં મુખ્યત્વે ગણિત , તાર્કિક, અંગ્રેજી તથા સામાન્ય જ્ઞાનના પ્રશ્નો પૂછાતા હોય છે, જે માટે ની તૈયારી આપ અત્યારથી જ કરી શકો છો. શિષ્ટબદ્ધ તૈયારી કરશો તો સફળતા જરૂર મળશે. વધુ જાણકારી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. શુભકામનાઓ એક જ્વલંત કારકિર્દી માટે!

**૨. હું બી.કોમ.માં અભ્યાસ કરું છુ. મારે આઇ.પી.એસ. અધિકારી બનવું છે. શું મહિલા આઇ.પી એસ અધિકારી બની શકે? મારે શું કરવુ જોઇએ?**

**- પાયલ ચૌધરી, દહેગામ**

પાયલ, આપનો ધ્યેય ખૂબ ઉંચો છે અને આપના ધ્યેય પ્રત્યે આપ જાગૃત છો એ માટે આપ બાબત અભિનંદનને પાત્ર છો. ચોક્કસ મહિલાઓ આઈ.પી.એસ. અધિકારી બની શકે છે. અને ભારતના પ્રથમ મહિલા આઈ.પી.એસ. અધિકારી કિરણ બેદી એ ખૂબ સારું કામ કરી અને નામના મેળવી છે. આઈ.પી.એસ. અધિકારી બનવા માટે ચોકક્સ અમુક શારીરિક લાયકાત હોય છે. યોગ્ય શારીરિક ક્ષમતા વાળા ઉમેદવાર આઈ.પી.એસ. અધિકારી બની શકે છે. આઈ.પી.એસ. ઓફિસર બનવા માટે આપે યુ.પી.એસ.સી. દ્વારા લેવાતી સિવિલ સર્વિસિસની પરીક્ષા આપવાની હોય છે. તેમાં મુખ્યત્વે ત્રણ તબકકા હોય છે - પ્રિલિમ્સ કે જેમાં ઓબ્જેક્ટિવ એટ્લે કે ઓ.એમ.આર. આધારિત પ્રશ્નો આવે છે જેમાં એપ્ટિટ્યુડ અને સામાન્ય જ્ઞાન આધારિત પ્રશ્નો આવે છે. તેમાં ઉત્તિર્ણ થયા બાદ આપને મેઈન્સ એટ્લેકે લેખિત પરીક્ષા આપવાની હોય છે અને ત્યાર બાદ આવે છે ઈન્ટરવ્યુ. ત્યારબાદ આપની શારીરિક ક્ષમતાની કસોટી થાય છે અને જેમાં ઉત્તિર્ણ થયા બાદ આપ આઈ.પી.એસ. અધિકારી બની શકો છો. આ બાબતોને ધ્યાનમાં રાખી આપ પરીક્ષાની તૈયારી કરી શકો છો.હવે આ પરીક્ષા માટે જો આપે કોઈ તૈયારી શરુ ના કરી હોય તો આપે આજ થી જ તૈયારી શરુ કરવાની રહે છે. શુભસ્ય શીઘ્રમ! કારણકે આ પરીક્ષાનું સ્તર એટ્લે કે લેવલ થોડુ ઉચ્ચ ગણાય છે. જેથી આપની તૈયારી પણ એ મુજબ કરવાની રહે છે. આપે એ જ પ્રમાણે રોજનું ટાઈમ ટેબલ બનાવીને અનુસરવાનુ હોય છે. એ સિવાય આપની જો કોલેજ ચાલુ છે તો કેવી રીતે આપ ટાઈમ મેનેજમેન્ટ કરશો, રોજના કેટ્લા કલાક વાંચન કરશો



અને શેનું વાંચન કરશો જેથી આપ પરીક્ષામાં ઉત્તિર્ણ થઈ શકો – આવી દરેક બાબતને ધ્યાનમાં રાખી આપે મેહનત કરવાની રહશે. આપ ધોરણ ૬ થી ૧૨ના સી.બી.એસ.ઈ.ના પુસ્તકોના અધ્યયનથી આપના વાંચનની શરૂઆત કરી શકો છો. પ્રિલિમ્સ બાદ આપ મેઈન્સ માટે એ વિષયની પસંદગી કરી શકો છો જેમાં આપની મજબૂત પકડ હોય એટલે કે આપ એ વિષયમાં વધુ સારા માર્ક્સ મેળવી શકો. એક વસ્તુ જરૂર કહવા માંગીશું કે આપ કરંટ અફેર્સ એટ્લે કે ડેઈલિ જી.કે.વાંચવાનું ભૂલતા નહીં. ગાંધીનગર સમાચાર જેવા સમાચાર પત્ર ને આપ નિયમિત પણે વાંચો. તેમાં થી મુખ્ય મુદ્દાની નોટ્સ બનાવો. આમ કરવાથી આપનું સામાન્ય જ્ઞાન મજબૂત થશે. સિવિલ સર્વિસિસની પરીક્ષા આપની મેહનત, હિમ્મત, નિષ્ઠા અને સંયમની પરીક્ષા છે. આપ ધ્યેયલક્ષી આમ આપ અત્યારથી જો આપ નિયમિત અને ચોક્કસ વાંચન કરશો, સાચી દિશામાં મેહનત કરશો અને આપનો આત્મવિશ્વાસ જો દ્રઢ હશે તો આપ જરૂર આપના ધ્યેયને પ્રાપ્ત કરશો. વધુ જાણકારી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. શુભકામનાઓ એક જ્વલંત કારકિર્દી માટે!

**૩. હું બી.બી.એ.ના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરું છુ. મારે એમ.બી.એ.ની તૈયારી ક્યારથી શરુ કરવી જોઇએ?**

**- જીત, ગાંધીનગર**

જીત, આપને જણાવી દઈએ કે આપનુ કોઈ પણ પરીક્ષા માટે લક્ષ્ય જો નક્કી છે તો એ માટે ની તૈયારી આપે જેટ્લી બની શકે એટ્લી જલદી કરવી હિતાવહ છે.આપ હાલ બી.બી.એ.માં અભ્યાસ કરો છો અને આપે એમ.બી.એ. કરવુ છે તો આપે એની તૈયારી ત્વરિત જ ચાલુ કરવી જોઈએ. શુભસ્ય શીઘ્રમ! અમે તો કહીએ છીએ કે આપે આજ થી તૈયારી ચાલુ કરવી જોઈએ અને ફક્ત ચાલુ નથી કરવાની પણ નિયમિત રીતે આપે રોજ એને લાગતું વાંચન પણ કરવાનું છે. હવે પરીક્ષાની વાત કરીએ તો આપ ભારતની પ્રતિષ્ઠિત અને પ્રથમ સ્થાને આવતી આઈ.આઈ.એમ.(ઈન્ડિયન ઈંસ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ)માં સી.એ.ટી.(કેટ)ની પરીક્ષા ધ્વારા પ્રવેશ મેળવી શકો છો. એ સિવાય આપ એક્સ.એ.ટી. એટ્લે કે ઝેવીયર્સ એપ્ટિટ્યૂડ ટેસ્ટ કે જે મુખ્યત્વે ઝેવીયર્સ સંસ્થાઓ ધ્વારા લેવામાં આવે છે તે પણ આપી શકો છો. અન્ય એક પરીક્ષાની વાત કરીએ તો એ છે સી. એમ. એ. ટી.(કોમન મેનેજમેન્ટ એડ્મીશન ટેસ્ટ) કે જેના ધ્વારા આપ ગુજરાતની અને ભરતભરની



પ્રતિષ્ઠિત એમ. બી. એ. સંસ્થાઓમાં એડ્મીશન લઈ શકો છો. અન્ય ઘણી પ્રવેશ પરીક્ષાઓ છે જેમાં ઉત્તિર્ણ થયા બાદ આપ એમ.બી.એ. કરી શકો છો. આ પ્રવેશ પરીક્ષાઓમાં મુખ્યત્વે ગણિત , તાર્કિક, અંગ્રેજી તથા સામાન્ય જ્ઞાનના પ્રશ્નો પૂછાતા હોય છે. મોટાભાગની પ્રવેશ પરીક્ષાઓ અંગ્રેજીમાં લેવામાં આવે છે. સાથે-સાથે પરીક્ષાઓ લગભગ કમ્પ્યુટર પર એટ્લે કે ઓનલાઈન લેવામાં છે. તેનો મતલબ એમ થાય કે આપને જો અંગ્રેજીમાં ફાવટ હોય તો ફાયદો થાય. સામાન્ય જ્ઞાન માટે આપે આજથી જ રોજ અંગ્રેજી સમાચારપત્રનું વાંચન કરવુ જોઈએ જેથી આપના જનરલ નોલેજ માં ચોક્કસ વધારો થશે અને તેની સાથે આપનું અંગ્રેજી પણ સારું થશે. ધ્યેય ઊંચો રાખજો અને અત્યારથીજ તૈયારી કરવા મંડી પડો. વધુ જાણકારી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. શુભકામનાઓ એક જ્વલંત કારકિર્દી માટે!

ઈમેલ : questions.careercorner@gmail.com
WhatsApp : 8849221653
Facebook: www.facebook.com/questions.careercorner

# અનુભૂતિનું અમૃત : ગાંધીકથા

॥ ૨૭મો મણકો ॥

ભોજન લેવા માટે લાઈનમાં ઊભેલા માણસોમાં એક ગરીબ બાઈ પણ હતી. જેના હાથમાં એક ડીશ હતી, જે એલ્યુમિનિયમની હતી અને ફાટેલી હતી. તેનો વારો આવતાં ગાંધીજીએ તેની ડીશમાંય ભાગે પડતી ખિચડી પિરસી. પણ ખિચડી લીધા પછી સૌની જેમ એ બાઈ આગળ ખસી નહીં. તેની આંખો પહેલાં ખિચડી પર ને પછી ગાંધીજી તરફ મંડાઈ. ગાંધીજીએ લખ્યું છે, ‘એની ભાષા હું નહોતો જાણતો અને મારી ભાષા એ નહોતી જાણતી. પણ અમારી બંનેની આંખો એકબીજાની ભાષા જાણતી હતી.’ એ આંખોથી જ ગાંધીજીએ એ બાઈને કહ્યું કે, ‘જે છે તે આ છે. એમાંથી આપણે સૌએ ભાગે પડતું લેવાનું છે.’ અને એ બાઈ પણ આંખો દ્વારા આ કહેણ સમજી ગઈ હોય તેમ આંખોથી જ ‘ભલે આટલું મળ્યુ. પૂરો સંતોષ થઈ ગયો’ એમ કહી આગળ વધી ગઈ !

લોકનાયક એ બને છે જેને લોકોને વિશે શ્રદ્ધા હોય. લોકોનો ઉદ્ધાર કરવા નીકળેલો લોકનાયક નથી હોતો. ગાંધીજી હતા એ લોકનાયક કારણ કે તેમને લોકોમાં શ્રદ્ધા હતી.

‘હિન્દુસ્તાનની જનતાના સ્વભાવ વિશેની મારી શ્રદ્ધા, એણે મને ટકાવ્યો છે.’ આ જવાબ જે ગાંધીજીએ પેલા અમેરિકન ધાર્મિક મંડળને આપ્યો હતો. એ શ્રદ્ધા આવા પ્રસંગોમાંથી ઉત્પન્ન થઈ હતી, જે આગળ જતાં દ્રઢીભૂત થઈ.



કૂચના રસ્તામાં નદી-નાળાં પણ આવતાં એ પસાર કરવા સક્ષમ ન હોય તેવા લોકોને ટ્રેનની ટિકિટ આપવામાં આવી હતી. બાકીના લોકો પગપાળા આગળ વધી રહ્યા હતા, એમાં પુરુષો, મહિલાઓ, બાળકો ને ઘરડાો પણ હતા. એકાદ મોટા વહેણ પર તો લાકડાના પાટિયા મૂકીને કૂચ પસાર થઈ ગઈ, પણ નાનું વહેણ હોય તો એને ઠેકીને લોકો પસાર કરતા. એવા એક વહેણને કૂચ પાર કરી રહી હતી ત્યારે એક સ્ત્રીના હાથમાં નાનું બાળક હતું. નદીને ઠેકવા જતાં બાળક હાથમાંથી સરકી ગયું ને નદીના ભારે વહેણમાં તણાઈ પણ ગયું. જોનારા સ્તબ્ધ બની ગયા. નીરવ શાંતિ સ્થપાઈ ગઈ. અને એ શાંતિને ચીરતો અવાજ સૌએ સાંભળ્યો, ‘જે ગયું છે તે પાછું આવવાનું નથી. તેથી કૂચ થંભશે નહીં અને હું પણ કૂચની સાથે જ આવીશ.’ આ અવાજ હતો એ સ્ત્રીનો જેનું બાળક નદીમાં તણાઈ ગયું હતું !

સત્યાગ્રહ ચાલુ હતો ત્યારે દક્ષિણ આફ્રિકાના રેલ વિભાગમાં કામ કરતા કર્મચારીઓએ હડતાલ પાડી અને ગાંધીજીને સંદેશો કહેવડાવ્યો કે ‘અમેય તમારી સાથે છીએ. તમે પગ દબાવો અને અમે ગળું દબાવીએ છીએ. આપણે બંને મળીને સરકારને બરાબર ભીંસમાં મૂકી દઈશું.’ ત્યારે ગાંધીજીએ કહ્યું હતું, ‘મારી કૂચનો ઉદ્દેશ પ્રતિપક્ષને ગૂંગળાવાનો નથી.’ અને ખરેખર રેલવિભાગના કર્મચારીઓની હડતાલ ચાલુ હતી ત્યારે તેમણે સત્યાગ્રહ મોકૂફ રાખ્યો હતો. ‘નોન એમ્બેરેસમેન્ટ’ શબ્દ ત્યારથી સત્યાગ્રહમાં રૂઢ થયો.

આ પગલાથી તો સત્યાગ્રહને વધુ પ્રસિદ્ધિ મળી. છાપાઓએ, લોકોએ ને સરકારના માણસોએ પણ એ વાતની નોંધ લીધી કે ‘આ માણસ અન્યાયનો વિરોધ તો કરે છે, પણ તેમ છતાં સરકારને ભીંસમાં લેવા માંગતો નથી.’ કેપટાઉનમાં બેઠાં બેઠાં જનરલ સ્મટ્સ પણ વિચાર કરે કે ‘આ વળી ખરું કહેવાય !’ એના સત્તાધારી માણસોએ તો ગાંધીજી આગળ કબૂલ્યું પણ હતું કે, ‘અમે તો ઘણીવાર એમ પણ વિચાર્યું હતું કે તમારી સામે સખત હાથે કામ લઈએ. તમે થોડાક લોકો અમારું શું બગાડી લેવાના હતા ? અમે ઘણી વાર વિચારતા કે તમને કચડી નાંખીએ. પણ અમે તમને કચડી શકીએ એમ પણ નહોતા. કારણ કે અમે જ્યારે રેલની હડતાલ જેવી મોટી મુશ્કેલીમાં હતા ત્યારે તમે જ અમારી વહારે આવ્યા હતા.’

આ સત્યાગ્રહ માટે ગાંધીજી જેલમાં પણ ગયા હતા. દેશમાં આવ્યા પછી ઘણીવાર સત્યાગ્રહીઓ તેમને જેલ વિશે ફરિયાદ કરે ત્યારે મેં ગાંધીજીને એમ કહેતા સાંભળ્યા છે કે, ‘જેલ કેવી હોય એ જાણવું હોય તો દક્ષિણ આફ્રિકા આવવું જોઈતું હતું.’ મતલબ કે દક્ષિણ આફ્રિકાની જેલનું કષ્ટ તો આપણી જેલ કરતાં ઘણું વધારે હતું.

જેલવાસ દરમ્યાન ગાંધીજીએ પોતાને હાથે સેન્ડલ સીવ્યાં અને જનરલ સ્મટ્સની યુવાન સૅક્રેટરી મિસ સાનિયા સ્લેશીન કે જે એક યહૂદી હતી પણ ગોરી હતી તેના હાથે જનરલને મોકલાવ્યાં. કહ્યું, ‘એમને કહેજો કે મેં પ્રેમપૂર્વક ઉપહાર તરીકે આ સેન્ડલ મોકલ્યાં છે.’ અને સાથે જનરલ સ્મટ્સને સંદેશો પણ મોકલાવ્યો કે, ‘આનો એક એક ટાંકો લેતાં મેં તમને યાદ કર્યા છે.’

આ જનરલ સ્મટ્સ જેણે ગાંધીજી દક્ષિણ આફ્રિકા છોડી ગયા ત્યારે એની એક મિત્ર બહેનને લખેલા પત્રમાં એમ કહ્યું હતું, ‘The saint has left the cost, hopefully forever.’ (સંત આપણો કિનારો છોડી ગયો, આશા રાખીએ કે છેલ્લી વાર.) (ક્રમશઃ)



સૌજન્ય : કુંતલ નિમાવત સંપાદિત પુસ્તક ‘ગાંધીકથા’
કથાકાર : સ્વ. શ્રી નારાયણ દેસાઈ